થયું જે કાંઈ, થાયે જે કાંઈ, થવાનું જે કાંઈ, સઘળે રે પ્રભુ તારી લીલા સમાઈ....

રાજ્યમાં વધુ ૫૮૦ નવા કેસ : અમદાવાદમાં ૨૭૩ : ગાંધીનગરમાં ૧૭

સાવચેત રહો સુરક્ષિત રહો

પાટનગરનું પોતાનું અખબાર

ગાંધીનગર સમાચાર

માસ્ક પહેરીએ
દો ગજની દૂરીનો અમલ કરીએ..
સેનેટાઈઝરનો ઉપયોગ કરીએ..

Gandhinagar વર્ષ : (૩૫) અંક નં. ૧૦૩ | ૨૨ જુન, ૨૦૨૦, સોમવાર; અષાઢ સુદ - ૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

ચીનને કઠોર જવાબ અપાશે

ચીનની કોઇપણ હરકતનો જવાબ આપવા સંપૂર્ણ તૈયાર રહેવાનો રાજનાથનો હુંકાર : સરહદની સુરક્ષા માટે વિવિધ વ્યૂહાત્મક પદ્ધતિઓ અપનાવાશે : સિંહ : સીડીએસ રાવત તેમજ સૈન્યના વડાઓ ઉપસ્થિત રહ્યા



નવી દિલ્હી, તા. ૨૧

એક્ચુટ કંટ્રોલ લાઇન (એલએસી) પરની કોઈપણ ચાઇનીઝ અસ્પષ્ટતા તેના કરતા વધી શકે છે. આ એટલા માટે છે કે સંરક્ષણ પ્રધાન રાજનાથસિંહે ચીનની કોઈપણ કાર્યવાહીને યોગ્ય જવાબ આપવા માટે સેનાને મુક્ત હાથ આપ્યો છે. સૈન્યને અગાઉ પરિસ્થિતિ અનુસાર કાર્યવાહી કરવાની છૂટ આપવામાં આવી હતી, પરંતુ હવે રાજનાથસિંહે સ્પષ્ટપણે કહ્યું છે કે સૈન્ય ચીનની દરેક કાર્યવાહીનો જવાબ આપવા તૈયાર રહેવું જોઈએ. એવા અહેવાલ પણ મળ્યા છે કે ભારત હવેથી ચીન સાથેની સરહદની સુરક્ષા માટે વિવિધ વ્યૂહાત્મક પદ્ધતિઓ અપનાવશે. પૂર્વી લદ્દાખ બોર્ડર પર ચાલુ પરિસ્થિતિની સમીક્ષા કરવા રાજનાથ સિંહના

● અનુસંધાન પાન-૭ પર



સદીનું મોટું સૂર્યગ્રહણ - રવિવારે સવારે ૧૦ થી બપોરે ૨:૫૮ સુધીની ખગોળીય ઘટના દેશભરમાં દેખાઈ... ખગોળ રસીકોએ અલગ-અલગ સ્થળોએથી ઘટનાના સાક્ષી બનવા નિદર્શન કર્યું... અને સાથે સાથે સૂર્યગ્રહણના વિવિધ આકારના ફોટો પણ પાડ્યા અને પ્રદર્શિત કર્યા....

કોરોના અપડેટ્સ

ક્યાં	કેસ	મૃત્યુ	રિકવર
વિશ્વ	૮૯૭૪૮૮૫	૪૬૭૮૧૭	૪૭૬૭૯૮૯
ભારત	૪૨૧૭૬૫	૧૩૫૦૨	૨૩૫૦૭૮
ગુજરાત	૨૭૩૧૭	૧૬૬૪	૧૯૩૫૭
ગાંધીનગર	૫૭૯	૩૦	૩૪૬

વિશ્વમાં કેસોની સંખ્યા ૯૦ લાખની નજીક

નવી દિલ્હી,તા.૨૧

વિશ્વમાં કોરોનાગ્રસ્ત દેશોની હાલત ખુબ જ ખરાબ બનેલી છે. કોરોના કારણે અર્થતંત્ર પર પણ ભારે નુકસાન થઇ રહ્યું છે. દુનિયામાં કેસોની વાત કરવામાં આવે તો આંકડો ૮૯ લાખથી પણ ઉપર પહોંચી ચુક્યો છે. કેસોનો આંકડો ૮૯૪૧૧૯૮ પર પહોંચી ચુક્યો છે. દુનિયાભરમાં રિકવર થયેલા લોકોની સંખ્યા ૪૭૫૪૪૭૭ સુધી પહોંચી ગઈ છે જ્યારે એક્ટિવ કેસોની સંખ્યા ૩૭૧૯૫૬૫ પર પહોંચી ચુકી છે. આવી જ રીતે દુનિયામાં મોતનો આંકડો પણ વધીને ૪૬૭૧૫૬ ઉપર પહોંચી રહ્યો છે. મોતનો આંકડો પણ ચાર લાખથી ઉપર પહોંચી ચુક્યો છે. ગંભીર રહેલા દર્દીઓની સંખ્યા ૫૪૫૨૪ પર પહોંચી ચુકી છે. ભારતમાં પણ હવે સ્થિતી ખરાબ થઇ રહી છે. દુનિયામાં વાયરસનો આતંક યથાવત રીતે જારી રહ્યો છે. કેસોની સંખ્યામાં આવિરતપણે વધારો થઇ રહ્યો છે. દુનિયાના ૨૧૦ દેશો કોરોના વાયરસના કારણે પ્રભાવિત બનેલા છે. દેશોની સરકારો આને લઇને ભારે ચિંતિત બનેલી છે. વિશ્વભરમાં કોરોના વાયરસનો આતંક યથાવતરીતે જારી રહ્યો છે. વિશ્વમાં સૌથી પ્રભાવિત દેશોમાં અમેરિકાનો સમાવેશ થાય છે. અમેરિકાની સ્થિતિ ખુબ જ ગંભીર બનેલી છે. ત્યારબાદ સ્પેનનો સમાવેશ થાય છે.

કોરોના કાળમાં યોગ અનિવાર્ય : મોદી

પ્રથમ વખત ડિજિટલ પ્લેટફોર્મ પર યોગ દિવસની ઉજવણી કરાઇ : કોરોના શ્વસનતંત્ર ઉપર હુમલો કરે છે, ઈમ્યુન સિસ્ટમ મજબૂત કરવામાં પ્રાણાયમ મદદરૂપ,જો આપણી રોગપ્રતિકારકશક્તિ સારી છે તો તે આ મહામારીને હરાવવામાં મદદરૂપ થશે

ન્યુ દિલ્હી,તા.૨૧

કોરના વાયરસ આપણા શરીરના શ્વસનતંત્ર પર સીધો પ્રહાર કરે છે અને પ્રાણાયમ અથવા શ્વાચ્છોશ્વાસની પ્રક્રિયાથી આપણે તેને વધુ મજબૂત કરી શકીએ છે, તેમ દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે ૨૧ જૂને છઠ્ઠા આંતરાષ્ટ્રીય યોગ દિવસના કાર્યક્રમમાં પોતાના સંબોધનમાં જણાવ્યું હતું. યોગ એકતાની તાકાત તરીકે ઊભરી આવ્યો છે અને તે કોઈ પણ પંથ, રંગ, જાતિ, આસ્થા અથવા રાષ્ટ્ર વચ્ચે ભેદભાવ નથી ધરાવતો અને યોગ તેનાથી પર છે. જે આપણને એક કરે, ભેગા કરે તે યોગ, જે બે વ્યક્તિ વચ્ચેના અંતરે ઓછું કરે તે યોગ, એમ પણ તેમણે કહ્યું હતું.

આજે ભારત સહિત વિશ્વમાં છઠ્ઠો આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી થઈ હતી.. આ પ્રસંગે મોદીએ કહ્યું હતું કે આંતરરાષ્ટ્રીય યોગ દિવસ એક પ્રકારે એકતાનો દિવસ છે. તે વિશ્વ બંધુત્વના સંદેશનો દિવસ છે. કોરોનાના આ સંકટમાં વચ્ચે વિશ્વભરના લોકોમાં તેનો ઉત્સાહ છે. કોરોના શ્વસનતંત્ર ઉપર હુમલો કરે છે, પ્રાણાયામ ઈમ્યુન સિસ્ટમ મજબૂત કરવામાં મદદરૂપ છે.

તેમણે વધુમાં જણાવ્યું કે આજે આપણે સામાજિક કાર્યક્રમોથી દૂર રહીને ઘરે પરીવારના લોકો સાથે યોગ કરી રહ્યા છીએ. જ્યારે પરીવારમાં દરેક લોકો ભેગા થાય છે ત્યારે ઉર્જાનો સંયોગ થાય છે. તે ફેમિલી બોન્ડિંગને વધારવાનો દિવસ છે. કોરોના મહામારીના કારણે વિશ્વ યોગની જરૂરીયાતને પહેલાથી વધારે છે.

વડાપ્રધાને દેશવાસીઓને અપીલ કરતાં જણાવ્યું હતું કે,

● અનુસંધાન પાન-૭ પર

શ્રીનગર-શોપિયાંમાં ડબલ એટેકમાં ૪ આતંકી ઠાર

શ્રીનગર,તા.૨૧

દક્ષિણ કાશ્મીરમાં સેનાએ રવિવારે બે અલગ-અલગ એક્ટાઉન્ટરમાં ૪ આતંકીઓને ઠાર માર્યા. સૌથી પહેલા સેનાએ શોપિયાં જિલ્લામાં એક આતંકીને મોતને ઘાટ ઉતાર્યો. જે બાદ શ્રીનગરમાં જાદિબલમાં સર્ચ ઓપરેશન દરમિયાન થયેલી અથડામણમાં ત્રણ આતંકીઓને સેનાએ ઠાર માર્યા.

પોલીસ અને સેનાએ વિસ્તારને ઘેરી લીધો છે અને આસપાસથી પસાર થનારા વાહનોની તપાસ કરવામાં આવી રહી છે. આ સિવાય આવાસીય ઠેકાણાઓમાં તપાસ કરવામાં આવી રહી છે.

રિપોર્ટ અનુસાર આતંકી કોઈ રહેવાસી મકાનમાં છુપાયેલા હોઈ શકે છે. સૂત્રો અનુસાર બે થી ત્રણ આતંકવાદી એક ઘરમાં છુપાયેલા છે. પોલીસ અને સેનાના નિર્દેશ પર આ વિસ્તારમાં હાલ ઈન્ટરનેટ અને મોબાઈલ સુવિધા બંધ કરી દેવાઈ છે.ઈન્ટરનેટ નેટવર્ક દ્વારા આતંકવાદી ઑપરેશન દરમિયાન અંદરોઅંદર વાતચીત ચાલુ રાખવામાં સફળ થઈ જાય છે. આ સિવાય આંતકવાદીઓને પોલીસ અને સેનાના મૂવમેન્ટની પણ જાણકારી મળી જાય છે. આ કામમાં સરહદ પાર બેસેલા આતંકના આકાઓ આતંકવાદીઓની મદદ કરે છે.

સતત ૧૫મા દિવસે પણ પેટ્રોલ-ડિઝલમાં ભાવ વધારો

ન્યુ દિલ્હી,તા.૨૧

આંતરરાષ્ટ્રીય સ્તરે અને સ્થાનિક સ્તરે લોકોને ક્રૂડના ભાવ ઘટવાનો લાભ મળી રહ્યો નથી. રવિવારે ફરી એકવાર દેશની સરકારની ઓઈલ માર્કેટિંગ કંપનીઓએ સતત ૧૫ માં દિવસે પેટ્રોલ-ડીઝલના ભાવમાં વધારો કર્યો છે. આ સમય દરમિયાન પેટ્રોલ ૭.૯૭ રૂપિયા પ્રતિ લિટર અને ડીઝલ રૂ ૮.૬૮ વધી ગયું છે. લિટર દીઠ પેટ્રોલના ભાવમાં ૩૫ પૈસા વધારો થયો છે અને ડીઝલના ભાવમાં પણ ૬૦ પૈસાનો વધારો થયો છે. દેશની સરકારની ઓઈલ માર્કેટિંગ કંપનીઓએ સતત ૧૫માં દિવસે પેટ્રોલ-ડીઝલના ભાવમાં વધારો કર્યો છે.

દેશમાં કોરોના મહાસંકટ : નવા ૧૫૮૯૮ કેસ

ન્યુ દિલ્હી,તા.૨૧

દેશમાં અનલોક-૧ના હાલના સમયગાળામાં કોરોના

વાઈરસ સંક્રમણનો રોગચાળો દિવસેને દિવસે વધી રહ્યો હોય તેમ છેલ્લાં ૨૪ કલાકમાં સૌથી વધુ રેકોર્ડબ્રેક સમાન ૧૫,૮૯૩ કેસો નોંધાયા હતા અને આ જ સમય ગાળામાં વધુ ૩૦૬ લોકોના મોત થયા હતા. .આમ સતત છેલ્લાં એક સપ્તાહથી કેસોની સંખ્યા ૧૨ હજારની આસપાસ નોંધાઈ રહ્યાં છે. જેમાં આજે રવિવારે સવારે પૂરા થયેલા ૨૪ કલાકમાં ૧૫ હજાર કરતાં વધુ કેસો નોંધાયા હતા. તે સાથે જ અત્યાર સુધી ૪ લાખ ૧૧ હજારથી વધુ દર્દીઓ કોરોનાના સંકજામાં આવ્યા છે અને ૧૩ હજારથી વધુ લોકોએ જીવ ગુમાવ્યા છે. માત્ર ૮ દિવસમાં જ સંક્રમિતોનો આંકડો ૩ થી ૪ લાખ થયો છે.

આ દરમિયાન કોરોનાની ટેસ્ટિંગમાં પણ વધારો થયો છે. દેશમાં કોરોનાની ટેસ્ટિંગ પણ વધારવામાં આવી છે. છેલ્લા ૨૪ કલાકમાં દેશભરમાં ૧,૯૦,૭૩૦ લોકોની ટેસ્ટિંગ કરવામા આવી હતી. એક દિવસ પહેલા આ સંખ્યા ૧,૮૯,૮૬૯ હતી

આરોગ્ય મંત્રાલય દ્વારા આજે રવિવારે જાહેર કરાયેલા આંકડા મુજબ, દેશમાં કોવિડ-૧૯ના કુલ સંક્રમિતોની સંખ્યા ૪,૧૦,૪૬૧ પર પહોંચી ગઈ છે. ૨૪ કલાકમાં ૧૫,૪૧૩ નવા કેસ સામે આવ્યા છે. અત્યાર સુધી દેશમાં ૧,૬૯,૪૫૧ કેસ સારવાર હેઠળ છે અને ૨,૨૭,૭૫૬ લોકો સાજા થઈ ગયા છે. જ્યારે મૃતકોની સંખ્યા વધીને ૧૩,૨૫૪ થઈ ગઈ છે.

દેશમાં સંક્રમિતોની કુલ સંખ્યા ૪,૧૦,૪૬૧ પર પહોંચી, ૩૦૬ના મોત : મૃત્યુઆંક ૧૩૨૫૪ને પાર

બીજી તરફ રાજધાની દિલ્હીમાં પણ મહારાષ્ટ્રની જેમ સતત કોરોનાના કેસ વધી રહ્યા છે. રાજધાનીમાં સતત ત્રીજા દિવસે ૯ હજારથી વધારે કેસ વધ્યા છે. શનિવારે રેકોર્ડ ૩૬૩૦ પોઝિટિવ કેસ નોંધાયા હતા. આ પહેલા ૧૯ જૂને ૩૧૩૭ અને ૧૮ જૂને ૨૮૭૭ કેસ સામે આવ્યા હતા. દિલ્હીમાં ગઈકાલે રેકોર્ડ ૭૭ લોકોના મોત થયા હતા.

આ આંકડો એક દિવસમાં પોઝિટિવ કેસનો સૌથી મોટો આંકડો છે. એટલે કે છેલ્લા ૨૪ કલાકમાં અમેરિકા અને બ્રાઝીલ પછી સૌથી વધારે દર્દી ભારતમાં જ મળ્યા છે.

ધી ગાંધીનગર નાગરિક કો.ઓપ. બેંક લિ.

પ્લોટ નં. - ૩૯૧, ઘ - ૪॥, સેક્ટર - ૧૬, ગાંધીનગર

ફોન નં.(૦૭૯) ૨૩૨ ૨૪૨૧૫/૧૬ વેબસાઈટ– www.gncb.co.in

- શેર ભંડોળ – રૂા.૪૫૭.૫૦ લાખ
- સભાસદ – ૩૮,૯૮૭
- થાપણો – રૂા.૧૬,૬૭૭.૮૦ લાખ
- થાપણદારો – ૩૮,૯૨૦
- ધીરાણો – રૂા.૧૦,૦૧૩.૫૫ લાખ
- કાર્યકારી ભંડોળ – રૂા.૨૧,૧૦૨.૪૨ લાખ

રૂા.૫.૦૦ લાખ સુધીની થાપણો વીમા સુરક્ષિત

માનવંતા વેપારી મિત્રો માટે ચાલુ ખાતા ઉપર ઓવર ડ્રાફ્ટ સગવડ

- રૂા.૧.૦૦ થી ૫.૦૦ લાખ સુધી ટર્નઓવર પ્રમાણે વિના મોર્ટગેજ ઓવર ડ્રાફ્ટ.
- ઓવર ડ્રાફ્ટ ઉપર વાર્ષિક ૧૧.૦૦ % વ્યાજ.

વિક્રમ કે. પટેલ – ચેરમેન | પ્રવિણકુમાર ડી. પટેલ – વાઈસ ચેરમેન | વિપુલ આર. પટેલ – મેનેજીંગ ડીરેક્ટર

બોર્ડ ઓફ ડિરેક્ટર્સ

અશોકભાઈ જી. પટેલ, જયંતિભાઈ એમ. પટેલ, લાલસિંહ કે. વાઘેલા, વિષ્ણુભાઈ આઈ. પટેલ, અશોકભાઈ આર. પટેલ, ચંદ્રકાંતભાઈ સી. પટેલ, નરેન્દ્રભાઈ એમ. શાહ, બિપિનભાઈ વી. પટેલ (ડો. ઓપ. ડિરેક્ટર), ઘનશ્યામભાઈ કે. પટેલ, મનુભાઈ બી. પટેલ, ડો. હિમાંશુભાઈ વી. પટેલ, દિપકભાઈ એચ. શાહ, જનરલ મેનેજર તથા સમગ્ર બેંક સ્ટાફ